**નોંધ :** (૧) સદર કોલેજને એક વર્ષ માટેનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટે ઠરાવેલ છે એવું યુનિવર્સિટી કાર્યાલયના તા.૭–૫–૨૦૧૪ના પત્રાંકઃ એસ.એ.(ચીખલી) (બી.એસસી) (૧૪)/ ૫૦૬૦ થી આચાર્યશ્રીને જણાવવામાં આવેલ છે.

(૨) સદર કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૨૧–૮–૨૦૧૪ના પત્ર ક્રમાંકઃ સયજ/૨૦૦૬/ ૨૬૦૨/ખ.૧ થી કાયમી જોડાણ મેળવવા માટે " B " ગ્રેડ અથવા તેનાથી ઉચ્ચ ગ્રેડ પ્રાપ્ત કરેલ હશે તેઓને જ કાયમી જોડાણ મંજૂર કરવા માટે ધ્યાનમાં લેવાનું રહેશે એમ જણાવેલ છે.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર સંસ્થાને કાયમી જોડાણ આપવું નહીં. રાજય સરકારશ્રીના તા.૧૧–૮–૨૦૧૪ના ઠરાવ કમાંકઃ સયજ/૨૦૦૬/૨૬૦૨/ખ.૧નો આગ્રહ પણ રાખવો.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, રાજય સરકારશ્રી દ્વારા પૂર્ણ સમયના કાયમી શિક્ષકોની ભરતી કરવાની કાર્યવાહી કરવાનું આજની આ સભા આગ્રહભરી ભલામણ કરે છે તેમજ યુનિવર્સિટી સંલગ્ન સરકારી કોલેજોને જણાવવાનું કે યુનિવર્સિટીના તમામ નિતીનિયમોનું પાલન કરવું તેમજ યુનિવર્સિટી જે કામગીરી સોંપે તે કરવાની રહેશે**

૩૧. ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન, ભરથાણા, વેસુ, સુરત સંચાલિત (૧) ભગવાન મહાવીર કોલેજ ઓફ એમ.એસસી. બાયોટેકનોલોજી અને (૨) ભગવાન મહાવીર કોલેજ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ભરથાણા, વેસુ, સુરત (કેમેસ્ટ્રી અને માઈક્રોબાયોલોજી) આ બંને કોલેજો શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૨૦૧૬થી ભગવાન મહાવીર કોલેજ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ભરથાણા, વેસુ, સુરતના નામ હેઠળ મર્જર કરવા અંગે સદર ફાઉન્ડેશનના ટ્રસ્ટીશ્રીએ તેમના તા.૨૯–૯–૨૦૧૪ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ** : (૧) સદર કોલેજે મર્જર અંગેની ફી રૂા.૨,૧૦,૦૦૦/– હિસાબી વિભાગમાં જમા કરાવેલ છે.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન, ભરથાણા, વેસુ, સુરત સંચાલિત (૧) ભગવાન મહાવીર કોલેજ ઓફ એમ.એસસી. બાયોટેકનોલોજી અને (૨) ભગવાન મહાવીર કોલેજ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ભરથાણા, વેસુ, સુરત (કેમેસ્ટ્રી અને માઈક્રોબાયોલોજી) આ બંને કોલેજો શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૨૦૧૬થી ભગવાન મહાવીર કોલેજ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ભરથાણા, વેસુ, સુરતના નામ હેઠળ મર્જર કરવા અંગે સ્થાનિક તપાસ સમિતિના સભ્યો તરીકે નીચે મુજબના સભ્યોની સમિતિ ઉપર નિમણુંક કરવી.**

| | |
|---|---|
| **(૧) ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ** | **(સિન્ડિકેટ સભ્યશ્રી)** |
| **(૨) ડૉ. પિયુષભાઈ વી. દેસાઈ** | **(પ્રો. અને હેડ, બાયોસાયન્સ વિભાગ વી. ન. દ. ગુ. યુ., સુરત.)** |
| **(૩) આ.ડૉ.પ્રફુલ્લસિંહ જે. રાજ** | **(કોલેજ ઓફ એજયુકેશન, ખરોડ)** |

૩૨. ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન, ભરથાણા, વેસુ, સુરત સંચાલિત (૧) ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્.) અને (૨) શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન (બી.એડ્.), ભરથાણા–વેસુ, સુરત આ બંને કોલેજો શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૨૦૧૬ થી ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, ભરથાણા–વેસુ, સુરતના નામ હેઠળ મર્જર કરવા અંગે સદર ફાઉન્ડેશનના ટ્રસ્ટીશ્રીએ તેમના તા.૨૯–૯–૨૦૧૪ ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ** : (૧) સદર કોલેજે મર્જર અંગેની ફી રૂા.૧,૧૦,૦૦૦/– હિસાબી વિભાગમાં જમા કરાવેલ છે.
(૨) NCTE ની મંજૂરી સંસ્થાએ મેળવવાની રહેશે.)

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન, ભરથાણા, વેસુ, સુરત સંચાલિત (૧) ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્.) અને (૨) શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન (બી.એડ્.), ભરથાણા–વેસુ, સુરત આ બંને કોલેજો શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૨૦૧૬થી ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, ભરથાણા–વેસુ, સુરતના નામ હેઠળ મર્જર કરવા અંગે સ્થાનિક તપાસ સમિતિના સભ્યો તરીકે નીચે મુજબના સભ્યોની સમિતિ ઉપર નિમણુંક કરવી.**

| | |
|---|---|
| **(૧) ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ** | **(સિન્ડિકેટ સભ્યશ્રી)** |
| **(૨) ડૉ. પિયુષભાઈ વી. દેસાઈ** | **(પ્રો. અને હેડ, બાયોસાયન્સ વિભાગ વી. ન. દ. ગુ. યુ., સુરત.)** |
| **(૩) આ.ડૉ.પ્રફુલ્લસિંહ જે. રાજ** | **(કોલેજ ઓફ એજયુકેશન, ખરોડ)** |

૩૩. યુનિવર્સિટી સંલગ્ન કમલા કોલેજ ઓફ એજ્યુકેશન, ખોલવડ, તા.કામરેજ, જિ : સુરતમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્. શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૨૦૧૬ થી બંધ કરવાના ઈન્ટર હયુમન એજ્યુકેશન ટ્રસ્ટ, ભવાની કોમ્પલેક્ષ, કામરેજ ચાર રસ્તા, તાઃકામરેજ, જિઃસુરતના ડાયરેકટર/સીઈઓ એ સદર અભ્યાસક્રમ બંધ કરવા માટે તેમના તા.૧૫–૧૦–૨૦૧૪ના પત્રાંક : કમલા/બી.એડ્./ ૫૯૩/ ૨૦૧૪ – ૨૦૧૫થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત .

(નોંધઃ (૧) આ અંગે તેઓએ રૂા.૧,૦૦,૦૦૦/– ની ફી ભરેલ છે.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કમલા કોલેજ ઓફ એજ્યુકેશન, ખોલવડ, તા.કામરેજ, જિઃસુરતમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્. શૈક્ષણિક વર્ષ ૨૦૧૫ –૨૦૧૬ થી બંધ કરવાના ઈન્ટર હયુમન એજ્યુકેશન ટ્રસ્ટ, ભવાની કોમ્પલેક્ષ, કામરેજ ચાર રસ્તા, તાઃકામરેજ, જિઃસુરતના ડાયરેકટર/સીઈઓ એ સદર અભ્યાસક્રમ બંધ કરવા માટે તેમના તા.૧૫–૧૦–૨૦૧૪ના પત્રાંકઃકમલા/બી.એડ્./૫૯૩/ ૨૦૧૪–૨૦૧૫થી કરેલ વિનંતી સંદર્ભે નીચેના સભ્યોની સમિતિની નિમણુંક કરવી.**

| | |
|---|---|
| **(૧) આ.ડૉ.પ્રફુલ્લસિંહ જે. રાજ** | **(કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ)** |
| **(૨) આ.ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ** | **(સિન્ડિકેટ સભ્યશ્રી)** |
| **(૩) આ. ડૉ. વિનોદભાઈ જી. પટેલ** | **(વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, સુરત)** |

૩૪. શ્રી મોહનલાલ હરકિશનદાસ કંસારા કેળવણી ટ્રસ્ટ, નવસારી સંચાલિત સૂચિત નારણલાલા લો કોલેજ, નવસારીનું શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૨૦૧૪ માટેનું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટ વતી સ્થાનિક તપાસ સમિતિ તથા ચકાસણી સમિતિના અહેવાલની સંદર્ભમાં જોડાણ માટેની ભલામણ બાદ, પ્રસ્તુત ટ્રસ્ટના ચેરમેનશ્રીએ તેમના તા.૨૯–૯–૨૦૧૪ના પત્રથી BCIની ટીમ તા.૮–૮–૨૦૧૪ના રોજ કોલેજના ઈન્સ્પેકશન માટે આવનાર હતી તે આવી નથી આ સંજોગોમાં નવા સત્રથી પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ આપી શકાય તે માટે સદર જોડાણ અરજી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૨૦૧૬ માટે ચાલુ રાખવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી મોહનલાલ હરકિશનદાસ કંસારા કેળવણી ટ્રસ્ટ, નવસારી સંચાલિત સૂચિત નારણલાલા લો કોલેજ, નવસારીનું શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ –૨૦૧૪ માટેનું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટ વતી સ્થાનિક તપાસ સમિતિ તથા ચકાસણી સમિતિના અહેવાલના સંદર્ભમાં જોડાણ માટેની ભલામણ બાદ, પ્રસ્તુત ટ્રસ્ટના ચેરમેનશ્રીએ તેમના તા.૨૯–૯–૨૦૧૪ના પત્રથી BCIની ટીમ તા.૮–૮–૨૦૧૪ના રોજ કોલેજના ઈન્સ્પેકશન માટે આવનાર હતી તે આવી નથી આ સંજોગોમાં નવા સત્રથી પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ આપી શકાય તે માટે સદર જોડાણ અરજી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૨૦૧૬ માટે ચાલુ રાખવા કરેલ વિનંતી અંતર્ગત BCIની મંજૂરી બાદ જોડાણ આપવું તેમજ વિદ્યાર્થીઓના પ્રવેશ બાર કાઉન્સિલની મંજૂરી આવ્યા પછી જ આપવા.**

**વધુમાં જો યુનિવર્સિટી દ્વારા એક વખત નવુ જોડાણ મંજૂર કરવામાં આવે અને આગામી ત્રણ વર્ષ સુધી એપેક્ષ બોડીની રાહ જોવાની થાય તેવા સંજોગોમાં આવી સંસ્થાઓને નવા જોડાણ તરીકે ફી લેવી નહિં પરંતુ ચાલુ જોડાણની ફી ભરવાની રહેશે. એપેક્ષ બોડી હોય ત્યાંજ આ લાગુ પાડવું. જો એપેક્ષ બોડીની મંજૂરી ના મળે તો ત્રણ વર્ષ સુધી તે જ જોડાણ અરજી ચાલુ રાખવી એટલે કે નવી જોડાણ અરજી ગણી ફી લેવાની રાખવી નહીં.**

૩૫. શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા સુરત સંચાલિત શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટસ્ કોલેજ, સુરતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૨૦૧૬ થી વાણિજ્ય વિદ્યાશાખામાં સ્વનિર્ભર વધારાનું (નવું) બી.કોમ.નું ડિવિઝન (બહેનો માટે) અંગ્રેજી માધ્યમનું ચાલુ કરવા માટે પ્રસ્તુત સભાના પ્રમુખશ્રીએ તેમના તા.૨૫/૯/૨૦૧૪ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધ:** (૧) સદર કોલેજ હાલ વિનયન વિદ્યાશાખા હેઠળ ચાલે છે.
(૨) જ્યારે બી.કોમ. નો સ્વનિર્ભર અભ્યાસક્રમ વાણિજ્ય વિદ્યાશાખા હેઠળ ચલાવવા માંગે છે.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા સુરત સંચાલિત શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટસ્ કોલેજ, સુરતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૨૦૧૬થી વાણિજ્ય વિદ્યાશાખામાં સ્વનિર્ભર વધારાનું (નવું) બી.કોમ.નું ડિવિઝન (બહેનો માટે) અંગ્રેજી માધ્યમનું ચાલુ કરવા માટે નીચે મુજબના સભ્યોની સ્થાનિક તપાસ સમિતિના સભ્યો તરીકે નિમણૂંક કરવી.**

**(૧) આ.ડૉ.વિપીનભાઈ ડી. નાયક — (એસ.પી. બી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત.)**
**(૨) આ. ડૉ. જે. એમ. નાયક — (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૩) આ.ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ — (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૩૬. તબીબી વિદ્યાશાખામાં સ્વનિર્ભર અભ્યાસક્રમમાં યુનાની અભ્યાસક્રમની અરજી ફી તથા એફીલીયેશન ફી દર્શાવવામાં આવેલ નથી. નીચે દર્શાવેલ કોષ્ટકમાં સુચિત (Proposed) યુનાની અભ્યાસક્રમ માટેની જોડાણ અરજી ફી અને વિદ્યાર્થીદીઠ એફીલીયેશન ફી દર્શાવવામાં આવી છે. સદર અભ્યાસક્રમ અંગે કેટલી ફી રાખવી તે અંગે વિચારણા કરવા બાબત.

| Sr. NO. | Course / Programme | Student Intake per Division | APPLICATION FEES | | | Annual affiliation / Fee (per Student) | In case of change in column- 3 minimum fee (payable) | Application fee for permanent affiliation |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | For New Affiliation Fees | for Continuing affiliation (Per Division per Year) | For Extension of affiliation (Per Division per Year) | | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 22-A | Unani (Proposed) | 100 | 200000 | 20000 | 90000 | 2000 | 40000 | 400000 |

**(નોંધ:** ઓર્ડિનન્સ– ૬૬(૨) (બી) માં મેડિકલ ફેકલ્ટીમાં નીચે મુજબના અભ્યાસક્રમોમાં ફી અંગે નીચે મુજબ જોગવાઈ છે.

| Sr. NO. | Course / Programme | Student Intake per Division | APPLICATION FEES | | | Annual affiliation/ Fee (per Student) | In case of change in column- 3 minimum fee (payable) | Application fee for permanent affiliation |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | For New Affiliation Fees | for Continuing affiliation (Per Division per Year) | For Extension of affiliation (Per Division per Year) | | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| **II** | **MEDICAL FACULTY** | | | | | | | |
| 19 | Medicine | 100 | 500000 | 50000 | 140000 | 2200 | 110000 | 1000000 |
| 20 | Homeopathic | 100 | 150000 | 16000 | 70000 | 800 | 38500 | 300000 |
| 21 | Dental | 40 | 400000 | 35000 | 140000 | 2200 | 44000 | 800000 |
| 22 | Physiotherapy | 60 | 150000 | 15000 | 70000 | 1650 | 27500 | 300000 |
| 23 | Diploma | 30 | 100000 | 7500 | - | 1000 | 75 % of the intake X Col 7 | - |
| 24 | Certificate | 30 | 50000 | 5000 | - | 500 | | - |

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખામાં સ્વનિર્ભર અભ્યાસક્રમમાં યુનાની અભ્યાસક્રમ માટેની જોડાણ અરજી ફી અને વિદ્યાર્થીદીઠ એફીલીયેશન ફી ઉપરોકત કોષ્ટકમાં ક્રમાંક: ૨૦માં દર્શાવ્યા મુજબ Homeopathic અભ્યાસક્રમ મુજબ રાખવી.**

૩૭. (૧) સેનેટ/ સિન્ડિકેટ સભ્ય શ્રી મેજર ઉન્મેષ પંડયા, ડૉ. કિરણ પંડયા, ડૉ. અપૂર્વ દેસાઈ, આ.ડૉ. અશ્વિનભાઈ પટેલ, શ્રી અમિતસિંહ સિંઘા, શ્રી ગૌરાંગ વિ. વૈદ્ય, શ્રી પરેશ પટેલ, શ્રી મેહુલ કે. ઠાકરની સંયુકત સહીથી ગત સિન્ડિકેટ સભાના કેટલાક બહુમતિએ લેવાયેલા નિર્ણયોથી સંલગ્ન કોલેજો અને યુનિવર્સિટી વિભાગોમાં સંખ્યાબંધ અધ્યાપકોને સેવામુકત કરવાનું ઘટનાચક્ર શરૂ થયું છે. પીએચ.ડી., નેટ અને સ્લેટની જરૂરિયાતો અપૂર્ણ હોય તે છતાં પૂર્ણ સંતોષજનક કામગીરી બજાવનારા આ અધ્યાપકો માનવતાના ધોરણે પણ નોકરીમાંથી છૂટા ન થાય તે જોવા નમ્ર વિનંતી કરેલ છે. કોઈ પણ અધ્યાપકને છુટા કરવાની કાર્યવાહી જે તબક્કે પહોંચી હોય તે તબક્કે તેને અટકાવવા જરૂરી વહીવટી પ્રક્રિયા સત્વરે શરૂ કરવા અને તેમ કરવામાં બાધારૂપ ઠરાવોને **'એબેયન્સ'**માં મૂકવા તા.૧૮–૯–૨૦૧૪ના પત્રથી વિનંતી કરેલ છે.

(૨) સેનેટ/ સિન્ડિકેટ સભ્ય શ્રી સંજયભાઈ આઈ. દેસાઈ તથા ડૉ. ધનેશ વૈદ્યની સંયુકત સહીથી છેલ્લા આઠ વર્ષથી એમ.એસસી. (આઈ.ટી.)માં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત દિલબર મહેતા સેવા બજાવે છે. તેમના નામ બાબત વિભાગના હેડ તરફથી કોઈ ફરીયાદ નથી તથા છુટા કરવાની પરવાનગી માંગેલ નથી. તેઓએ એમ.ફીલ. પૂર્ણ કરેલ છે, તથા પીએચ.ડી.માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એડમીશન લીધેલ છે. અંગ્રેજી વિષયમાં આ યુનિવર્સિટીમાં માત્ર ૦૨ ગાઈડ હોવાથી ઘણા પ્રયત્નો છતાં તેઓ પીએચ.ડી.માં એડમીશન મેળવી શકયા નથી. તેઓએ પાંચ પબ્લીકેશન કરેલ છે, ૦૧ બુક પણ પબ્લીશ કરેલ છે. તથા આ નિર્ણય યુનિવર્સિટીએ લેવાનો હોઈ, વિભાગના હેડનો અભીપ્રાય મંગાવ્યા બાદ જ જો નેગેટીવ અભિપ્રાય આવે તો જ છુટા કરવા નહીં તો એક્ષ્ટેન્શન મંજૂર કરવું એવો આગ્રહપૂર્વક અનુરોધ કરેલ છે. તથા જરૂર લાગે તો આગામી સિન્ડિકેટમાં ફરીથી આ બાબત ચર્ચવામાં આવે એ અંગે તા.૦૧–૦૯–૨૦૧૪ના પત્રથી વિનંતી કરેલ છે.

**ઉપરોકત સેનેટ/સિન્ડિકેટ સભ્યશ્રીઓના અનુક્રમે તા.૧૮–૦૯–૨૦૧૪ તથા તા.૦૧–૦૯–૨૦૧૪ના પત્રો પર વિચારણા કરવા બાબત.**

**(નોંધ:** **(i)** શ્રી સરસ્વતી હિન્દી મહાવિદ્યાલય, સુરતના અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા, કુ. પારૂલ પંડયાને સિન્ડિકેટની સભાએ તેની તા. ૨૬–૮–૨૦૧૪ની બાબત ક્રમાંક: (૧૨)થી કુ. પારૂલ પંડયાના ૮ વર્ષ પૂર્ણ થયા હોય અને નિમણૂંકની શરત પરિપૂર્ણ કરેલ ન હોવાથી સદર પ્રાધ્યાપિકાને છુટા કરવાની કાર્યવાહી કરવા સંસ્થાને જણાવવા ઠરાવેલ છે.

**(ii)** ઉધના સીટીઝન કો.ઓ.બેંક કોમર્સ કોલેજ એન્ડ ધ સુરત પીપલ્સ કો.ઓ. બેંક કોલેજ ઓફ બીઝનેશ એડમિનિસ્ટ્રેશન એન્ડ ઉધના એકેડેમી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઉધનાના એકાઉન્ટન્સી વિષયના વ્યાખ્યાતા સુષ્મા બી. કુશવાહને સિન્ડિકેટની સભાએ તેની તા.૨૬–૮–૨૦૧૪ની બાબત ક્રમાંકઃ (૧૩)થી એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા સુષ્મા બી. કુશાવહના ૮ વર્ષ પૂર્ણ થયા હોય ઠરાવ નં.: ૧૨ મુજબ સદર પ્રાધ્યાપિકાને છુટા કરવાની કાર્યવાહી કરવા સંસ્થાને જણાવવા ઠરાવેલ છે.)

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નીચે મુજબ ઠરાવવું.**

**(૧) જે શિક્ષકોની વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં ૮ વર્ષમાં (૫+૩) NET/ GSLET/ Ph.D. તથા M.Phil. (જયાં લાગુ પડતુ હોય તેવા કિસ્સાઓમાં જ) પાસ કરવાની શરતે શરતી નિમણૂંક કરવામાં આવી હતી, ત્યાં હવેથી ૮ વર્ષ (૫+૩)ને બદલે ૧૧ વર્ષ (એટલે કે વધુ ૩ વર્ષ) (૫+૩+૩) કરવી અને ૧૧ વર્ષ બાદ કોઈપણ પ્રકારની અવધિ વધારવી નહીં.**

**(૨) શ્રી સી. જે. પટેલ વિદ્યાધામ ઈંગ્લિશ એન્ડ ગુજરાતી મીડીયમ કોમર્સ કોલેજ, વરિયાવને નીચેની બાબત માટે ઠપકો –**

**(૧) યુનિવર્સિટીની Ph.D.ની પ્રવેશ પરીક્ષા સામે પ્રશ્નાર્થ કરવા બદલ.**

**(૨) નવયુગ કોલેજ જેવી ૪૭ વર્ષ જૂની સંસ્થાની વિશ્વસનિયતા સામે પ્રશ્નાર્થ કરવા બદલ.**

**(૩) એક નિયમિત યુનિવર્સિટી માન્ય અધ્યાપકને Ph.D. માટે N.O.C. આપવા માટે " ના " પાડવા બાબત. સદર અધ્યાપકને N.O.C. વિના Ph.D. ફી જમા લેવી.**

**(૩) (૧) સુષ્મા બી. કુશવાહ (૨) પારૂલ પંડયાને છૂટા ન કરવા મેનેજમેન્ટને પત્ર લખવો તથા ૧૧ વર્ષ (એટલે કે વધુ ૩ વર્ષ) (૫+૩+૩) નો લાભ આપવો.**

**(૪) દિલબર મહેતાનું એક્ષટેન્શન મંજૂર કરી ૧૧ વર્ષ (એટલે કે વધુ ૩ વર્ષ) (૫+૩+૩)નો નિયમ લાગુ પાડવો.**

**(૫) હવેથી નવી નિમણૂંકો NET/GSLET/ Ph.D. હોય તેવા જ અધ્યાપકોની કરવી અને જો આ પ્રકારના અધ્યાપકો ન મળે તો ૧૧ મહિનાના કોન્ટ્રાકટ પધ્ધતિથી નિમણૂંક કરવી. જેનો ન્યૂનતમ પગાર નવા અધ્યાપકના Basic + Perks જેટલો રાખવો તેની નિમણૂંક યુનિવર્સિટી કમિટિ દ્વારા જ કરવામાં આવશે.**

**– તાજેતરમાં જે અધ્યાપકોને ૮ વર્ષમાં (૫+૩) NET/ GSLET/ Ph.D. તથા M.Phil. (જયાં લાગુ પડતુ હોય તેવા કિસ્સાઓમાં જ) ન કરવાના લીધે છુટા કરેલા, તેમને પરત લેવાની પ્રક્રિયા કરવી.**

૩૮. સાઉથ ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ ટીસર્ચ એકેડેમી ફોરમ (સ્ટાફ)ના કેટલાક સભ્યોની સંયુકત સહીથી માનનીય કુલપતિશ્રીને સંબોધીને લખેલ તા.૧૯–૯–૨૦૧૪ના પત્ર આ સાથે બિડાણ તરીકે સામેલ છે, જેમાં નીચે મુજબ જણાવેલ છેઃ

(૧) પ્રસ્તુત પત્રમાં અરજદારો સંલગ્ન સ્વનિર્ભર કોલેજોમાં કામ કરતા પ્રાધ્યાપકો સમય અવધિમાં નેટ/સ્લેટ અને પીએચ.ડી. પાસ નહી કરી શકવાને કારણે છુટા કરી દેવાનો નિર્ણય એક પક્ષીય અને અન્યાયકર્તા છે તેમ જણાવે છે.

(૨) આ નિર્ણયની પુનઃવિચારણા કરવા માટે સિન્ડિકેટમાં મુકવા અને આ પ્રશ્ન માટે એક સમિતિની રચના કરી તેમાં સ્વર્નિભર કોલેજોના બે પ્રાધ્યાપકોને પણ સભ્ય પદ આપી સામેલ કરવા જણાવે છે.

(૩) ૮ વર્ષની અવધિ દરમ્યાન સંસ્થામાં સેવા કરી હોવાથી તેમના અનુભવને અનુલક્ષીને સહાનુભૂતિપૂર્વક નિર્ણય લેવા જણાવે છે.

(૪) પ્રાધ્યાપકોના શોષણ થવાના દરવાજા ખુલી જશે જેવી વિપરીત અને દુરોગામી અસર થશે તેવો પણ ઉલ્લેખ કરેલ છે.

બિડાણ તરીકે આ બાબતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બે પરિપત્રોની નકલ બિડેલ છે. જે પૈકી ૨૦ દિવસમાં ઉપરોકત પરીક્ષા પાસ કરવા અંગેનો એક પરિપત્ર છે અને બીજા પરિપત્રોમાં ૨૦ દિવસમાં પાસ કરવા અંગેનો પ્રથમ પરિપત્ર રદ કરેલ છે અને સદર પરીક્ષાઓ એક વર્ષમાં પાસ કરવા અંગે જણાવેલ છે.

**ઉપરોકત સાઉથ ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ ટીસર્ચ એકેડેમી ફોરમ (સ્ટાફ)ના કેટલાક સભ્યોના તા.૧૯–૯–૨૦૧૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે ઉપરોકત ઠરાવ નં. ૩૭માં ઠરાવ્યાનુસાર કાર્યવાહી કરવી.**

૩૯. સાર્વજનિક એજયુકેશન સોસાયટી, એમ.ટી.બી.કોલેજ કેમ્પસ, ચોપાટીની સામે, અઠવાલાઈન્સ, સુરત સંચાલિત સૂચિત સાર્વજનિક ઈવનીંગ લો કોલેજ, સુરત સ્વનિર્ભર એલએલ.બી.નો અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૨૦૧૬થી શરૂ કરવા માટે અરજી કરી છે. સદર કોલેજના મંત્રીશ્રીએ તેમના તા.૧૭–૧૧ –૨૦૧૪ના પત્રથી સદર અભ્યાસક્રમ વી.ટી. ચોકસી સાર્વજનિક લો કોલજ (અનુદાનિત)માં વધારાના ત્રણ વર્ગો સ્વનિર્ભર ધોરણે ઈવનીગ સેશનમાં શરૂ કરવા માટેની જોડાણઅરજી ગણવા અને આગળની તમામ આનુસંગિક કાર્યવાહી કરવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક એજયુકેશન સોસાયટી, એમ.ટી.બી.કોલેજ કેમ્પસ, ચોપાટીની સામે, અઠવાલાઈન્સ, સુરત સંચાલિત સૂચિત સાર્વજનિક ઈવનીંગ લો કોલેજ, સુરત સ્વનિર્ભર એલએલ.બી.નો અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૨૦૧૬થી શરૂ કરવા માટે અરજી કરી છે. સદર કોલેજના મંત્રીશ્રીએ તેમના તા.૧૭–૧૧–૨૦૧૪ના પત્રથી સદર અભ્યાસક્રમ વી.ટી. ચોકસી સાર્વજનિક લો કોલજ (અનુદાનિત) માં વધારાના ત્રણ વર્ગો સ્વનિર્ભર ધોરણે ઈવનીંગ સેશનમાં શરૂ કરવા માટેની જોડાણઅરજી ગણવા અને આગળની તમામ આનુસંગિક કાર્યવાહી કરવા કરેલ વિનંતી નામંજૂર કરવી. સૂચિત સાર્વજનિક ઈવનિંગ લો કોલેજ, સુરત તરીકે નવી જોડાણ અરજી મુજબ જ આગળની નિયમાનુસારની કાર્યવાહી કરવી.**

૪૦. યુનિવર્સિટી સંચાલિત એક્ષટર્નલ અભ્યાસક્રમો–બી.એ.–બી.કોમ./એમ.એ–એમ.કોમ.ની પરીક્ષાલક્ષી કામગીરી કરવા માટે ઘણી યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટેડ તથા સેલ્ફ ફાઈનાન્સ કોલેજો ના પાડે છે.

વધુમાં દિનપ્રતિદિન એક્ષટર્નલ અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી રહે છે તેથી યુનિવર્સિટીને એક્ષટર્નલ વિદ્યાર્થીઓની પરીક્ષાલક્ષી કામગીરી કરવામાં ઘણી મુશ્કેલીઓ પડી રહે છે તે પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે આવતા વર્ષથી બાહ્ય અભ્યાસક્રમો પણ ઓન લાઈન કરવા કાર્યવાહી કરવી. યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટેડ/ સેલ્ફ ફાઈનાન્સ/ ગર્વમેન્ટ તમામ કોલેજોએ એક્ષર્ટનલ પરીક્ષાની કામગીરી કરવાની રહેશે.**

૪૧. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યો તથા શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક કર્મચારીઓ એક્ષટર્નલ પરીક્ષાઓના કામમાં યુનિવર્સિટીને સહાયભૂત થતા આવ્યા છે. તાજેતરમાં એમ. ટી. બી. આર્ટસ કોલેજમાં બનેલ દુઃખદ અને હિસંક ઘટનાઓને કારણે અન્ય કોલેજોના આચાર્યો તથા કર્મચારીઓમાં એક પ્રકારની ચિંતા તથા ભય અને નિરાશાની લાગણી પ્રવર્તમાન થઈ છે.

આ સંજોગોમાં યુનિવર્સિટી ધ્વારા એક્ષટર્નલ પરીક્ષાઓના વ્યવસ્થાપન અંગે ઠોસ પગલાં લેવામાં આવે તથા ભવિષ્યમાં આ પ્રકારની ઘટનાઓ નિવારી શકાય તે માટે જરૂરી વિચારણા કરી યોગ્ય માળખું ઊભું કરવામાં આવે એવી આગ્રહપૂર્વકની વિનંતી અંગેના શ્રી સંજયભાઈ દેસાઈ (સિન્ડિકેટ સભ્ય)ના તા.૨૫–૯–૨૦૧૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી.**

૪૨. યુનિવર્સિટીની સંલગ્ન કોલેજો ધ્વારા આપવામાં આવતાં વિવિધ પ્રકારનાં પ્રમાણપત્રો તથા ટ્રાન્સક્રીપ્ટની ફી નકકી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની સંલગ્ન કોલેજો ધ્વારા આપવામાં આવતાં વિવિધ પ્રકારનાં પ્રમાણપત્રો તથા ટ્રાન્સક્રીપ્ટની ફી નકકી કરવા અંગે નીચે મુજબના સભ્યોની સમિતિ બનાવવી તથા સમિતિનો અહેવાલ આવે તેને સિન્ડિકેટમાં રજુ કરવો. ફી ના ધોરણોનું જરૂરી ફોર્મેટ કે જરૂરી પરિપત્ર/ માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ કરાવવી.**

**(૧) ડૉ. અપૂર્વ એ. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૨) ડૉ. કિરણ પંડયા (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૩) આ.ડૉ. વિક્રમભાઈ બી. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૪૩. યુનિવર્સિટી સંચાલિત એક્ષટર્નલ અભ્યાસક્રમોમાં એક્ષટર્નલના ભથ્થા માટે મંત્રીશ્રી સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સુરતના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, હવેથી તમામ મેનેજમેન્ટને પ્રતિ વિદ્યાર્થી દીઠ, પ્રતિ પરીક્ષા દીઠ હાલ ચુકવવામાં આવતી રકમ ઉપરાંત વધુ રૂપિયા ૧૦/– ચુકવવા.**

૪૪. પરીક્ષા આચાર સમિતિની તા.૦૪–૯–૨૦૧૪ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત...

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૦૪–૯–૨૦૧૪ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પરિશિષ્ટ : " ક " માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ક ")**

૪૫. માર્ચ/એપ્રિલ–૨૦૦૯માં નાલંદા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, વડોદરામાં લેવાયેલ ટી.વાય.બી.કોમ. પરીક્ષાના પ્રોબલેમ ઓફ ઈન્ડીયન ઈકોનોમિકસ એન્ડ ડેવલોપમેન્ટ વિષયમાં ૧૭ (સત્તર) જેટલાં વિદ્યાર્થીઓ અંગે "Mass Copy" નો રિપોર્ટ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત બાબતમાં આચાર સમિતિની તા.૧૯–૧–૨૦૧૦ની સભામાં કરેલ ભલામણ અંગે સિન્ડિકેટની તા.૦૮–૪–૨૦૧૦ના ઠરાવ મુજબ માનનીય કુલપતિશ્રીના આદેશાનુસાર (૧) પ્રિ.ડૉ.વિક્રમભાઈ દેસાઈ (૨) ડૉ. કે. સી. પટેલ (૩) પ્રા.વાંસદીયા કિરીટસિંહ જશવંતસિંહ ત્રણ સભ્યોની તપાસ સમિતિમાં નિમણુંક કરવામાં આવી હતી. આદેશાનુસાર તપાસ સમિતિના મા.સભ્યોશ્રીઓને યુનિવર્સિટી પત્ર ક્રમાંક : પરીક્ષા/ આચાર/ ડી/ ૧૦૯૯૦/ ૨૦૧૪ તા.૨૫/૩૦–૯–૨૦૧૪થી રીપોર્ટ /અહેવાલ Submit કરવા જણાવતાં તપાસ સમિતિના મા.સભ્યશ્રી પ્રિ. ડૉ. વિક્રમભાઈ દેસાઈએ એમના તા.૯–૧૦–૨૦૧૪ના પત્રથી અભિપ્રાય મોકલેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત...

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માર્ચ/એપ્રિલ–૨૦૦૯માં નાલંદા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, વડોદરામાં લેવાયેલ ટી.વાય.બી.કોમ. પરીક્ષાના પ્રોબલેમ ઓફ ઈન્ડીયન ઈકોનોમિકસ એન્ડ ડેવલોપમેન્ટ વિષયમાં ૧૭ (સત્તર) જેટલાં વિદ્યાર્થીઓ અંગે "Mass Copy"નો રિપોર્ટ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત બાબતમાં આચાર સમિતિની તા.૧૯–૧–૨૦૧૦ની સભામાં કરેલ ભલામણ અંગે સિન્ડિકેટની તા.૦૮–૪– ૨૦૧૦ના ઠરાવ મુજબ માનનીય કુલપતિશ્રીના આદેશાનુસાર (૧) પ્રિ.ડૉ.વિક્રમભાઈ દેસાઈ (૨) ડૉ. કે. સી. પટેલ (૩) પ્રા.વાંસદીયા કિરીટસિંહ જશવંતસિંહ ત્રણ સભ્યોની તપાસ સમિતિમાં નિમણુંક કરવામાં આવી હતી. આદેશાનુસાર તપાસ સમિતિના મા.સભ્યોશ્રીઓને યુનિવર્સિટી પત્ર ક્રમાંક : પરીક્ષા/ આચાર/ ડી/ ૧૦૯૯૦/ ૨૦૧૪ તા.૨૫/૩૦–૯–૨૦૧૪થી રીપોર્ટ /અહેવાલ Submit કરવા જણાવતાં તપાસ સમિતિના મા.સભ્યશ્રી પ્રિ.ડૉ.વિક્રમભાઈ દેસાઈએ એમના તા.૯–૧૦–૨૦૧૪ના પત્રથી અભિપ્રાય મોકલેલ છે તે અભિપ્રાયનો પરિશિષ્ટ : " ખ" માં દર્શાવ્યા મુજબ સ્વીકાર કરવો.**

**(પરિશિષ્ટ : " ખ")**

૪૬. તા. : ૨૯–૦૯–૨૦૧૪ ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨ થી ૫, ૮ થી ૧૧, ૧૫ અને ૧૮ ઉપર વિચારણા કરવા બાબત

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા. : ૨૯–૦૯–૨૦૧૪ ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨ થી ૫, ૮ થી ૧૧, ૧૫ અને ૧૮ને પરિશિષ્ટ : " ગ " માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવામાં આવે છે.**

**(પરિશિષ્ટ : " ગ ")**

૪૭. યુનિવર્સિટી કેમ્પસ ખાતે સને : ૨૦૧૪–૧૫ માટેનો યુનિવર્સિટી કેમ્પસના વિવિધ મકાનો /ભવનો તથા પરિસરની સાચવણી કરવા અંગેનો સિકયુરીટીનો કોન્ટ્રાકટ મે. શકિત સિકયુરીટી, સુરતને સિન્ડિકેટની તા.: ૨૫–૦૬–૨૦૧૪ના રોજની સભાના ઠરાવ ક્રમાંક : ૪૦ થી પ્રાયોગીક ધોરણે ત્રણ માસ માટે આપવામાં આવેલ હતો. જેની મુદત તા.: ૦૬–૧૦–૨૦૧૪ના રોજ પૂર્ણ થાય છે. ઉપરોકત જણાવેલ સિન્ડિકેટના ઠરાવ મુજબ કામગીરી સંતોષકારક હોય તો તેમને વાર્ષિક ધોરણે કોન્ટ્રાકટ આપવો એમ નક્કી થયેલ છે તો મે. શકિત સિકયુરીટી, સુરતનો કોન્ટ્રાકટ વાર્ષિક ધોરણે એક વર્ષની મુદત માટે ચાલુ રાખવા માટે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે સને : ૨૦૧૪–૧૫ માટેનો યુનિવર્સિટી કેમ્પસના વિવિધ મકાનો /ભવનો તથા પરિસરની સાચવણી કરવા અંગેનો સિકયુરીટીનો કોન્ટ્રાકટ મે. શકિત સિકયુરીટી, સુરતને સિન્ડિકેટની તા.: ૨૫–૦૬–૨૦૧૪ના રોજની સભાના ઠરાવ ક્રમાંક : ૪૦ થી પ્રાયોગીક ધોરણે ત્રણ માસ માટે આપવામાં આવેલ હતો. જેની મુદત તા.: ૦૬–૧૦–૨૦૧૪ના રોજ પૂર્ણ થાય છે. ઉપરોકત જણાવેલ સિન્ડિકેટના ઠરાવ મુજબ કામગીરી સંતોષકારક હોય તો તેમને વાર્ષિક ધોરણે કોન્ટ્રાકટ આપવો એમ નક્કી થયેલ છે તો મે. શકિત સિકયુરીટી, સુરતનો કોન્ટ્રાકટ વાર્ષિક ધોરણે એક વર્ષની મુદત માટે ચાલુ રાખવા માટે મંજૂરી આપવામાં આવે છે.**

૪૮. યુનિવર્સિટી કેમ્પસ ખાતેના લાયબ્રેરી બિલ્ડીંગ પાસે વાયબ્રાન્ટ ઈન્ટરનેશનલ એકેડેમી દ્વારા સ્વખર્ચે Sculpture તૈયાર કરી આપવામાં આવનાર છે જેની નોંધ લેવા બાબત.

(બાંધકામ)

:: **યુનિવર્સિટી કેમ્પસ ખાતેના લાયબ્રેરી બિલ્ડીંગ પાસે વાયબ્રાન્ટ ઈન્ટરનેશનલ એકેડમી દ્વારા સ્વખર્ચે Sculpture તૈયાર કરી આપવામાં આવેલ છે, તેની નોંધ લેવામાં આવે છે.**

૪૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેની જૂની ડીબીઆઈએમ બિલ્ડીંગનો સ્ટ્રક્ચરલ કન્સલટન્ટ તરફથી મળેલ સ્ટ્રક્ચરલ સ્ટેબીલીટી રીપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતેની જૂની ડીબીઆઈએમ બિલ્ડીંગનો સ્ટ્રકચરલ કન્સલટન્ટ તરફથી મળેલ સ્ટ્રકચરલ સ્ટેબીલીટી રીપોર્ટને મંજૂર કરી સદર મકાનો ઉતારી લેવા આગળની કાર્યવાહી કરવી.**

૫૦. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેની જૂની સાયન્સ બિલ્ડીગનો સ્ટ્રકચરલ કન્સલટન્ટ તરફથી મળેલ સ્ટ્રકચરલ સ્ટેબીલીટી રીપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતેની જૂની સાયન્સ બિલ્ડીંગનો સ્ટ્રકચરલ કન્સલટન્ટ તરફથી મળેલ સ્ટ્રકચરલ સ્ટેબીલીટી રીપોર્ટને મંજૂર કરી સદર મકાનો ઉતારી લેવા આગળની કાર્યવાહી કરવી.**

૫૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેની જૂની બોયઝ હોસ્ટેલ નંબર–૨ (સાતપુડા)નો પૂર્વદિશા તરફના ભાગનો સ્ટ્રકચરલ કન્સલટન્ટ તરફથી મળેલ સ્ટ્રકચરલ સ્ટેબીલીટી રીપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતેની જૂની બોયઝ હોસ્ટેલ નંબર–૨ (સાતપુડા)નો પૂર્વદિશા તરફના ભાગનો સ્ટ્રકચરલ કન્સલટન્ટ તરફથી મળેલ સ્ટ્રકચરલ સ્ટેબીલીટી રીપોર્ટને મંજૂર કરી સદર મકાનો ઉતારી લેવા આગળની કાર્યવાહી કરવી. આ સિવાય યુનિવર્સિટીના અન્ય જોખમકારક બિલ્ડીંગોનો પણ ટેકનિકલ રીપોર્ટ મેળવવો.**

૫૨. યુનિવર્સિટી કેમ્પસ ખાતે આગામી નજીકના સમયમાં યોજાનાર પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવ માટે મંડપ, બેઠક વ્યવસ્થા, લાઈટ, સાઉન્ડ, કલરકામ વિગેરે જેવી કામગીરી કરાવવા માટે ગત વર્ષે યોજાયેલ પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવ માટે મંગાવેલ ટેન્ડરના મંજૂર થયેલ ભાવથી જે તે પાર્ટી તૈયાર થાય તો ગત વર્ષનો કુલ ખર્ચ મંજૂર કરી આ કામગીરી કરાવવા માટે તથા આ કાર્યક્રમ માટે ઉપરોક્ત કામગીરી માટે નવા ટેન્ડર મંગાવવાના થાય તો ટેન્ડરમાં આવનાર ખર્ચની રકમ અને ટેન્ડર મંજૂર કરવાની સત્તા મા.કુલપતિશ્રીને આપવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે આગામી નજીકના સમયમાં યોજાનાર પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવ માટે મંડપ, બેઠક વ્યવસ્થા, લાઈટ, સાઉન્ડ, કલરકામ વિગેરે જેવી કામગીરી કરાવવા માટે ગત વર્ષે યોજાયેલ પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવ માટે મંગાવેલ ટેન્ડરના મંજૂર થયેલ ભાવથી જે તે પાર્ટી તૈયાર થાય તો ગત વર્ષનો કુલ ખર્ચ મંજૂર કરી આ કામગીરી કરાવવા માટે તથા આ કાર્યક્રમ માટે ઉપરોકત કામગીરી માટે નવા ટેન્ડર મંગાવવાના થાય તો ટેન્ડરમાં આવનાર ખર્ચની રકમ અને ટેન્ડર મંજૂર કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવા મંજૂરી આપવી તથા દર વર્ષની જેમ કાર્યક્રમના આયોજનની મંજૂરી આપી ખર્ચ/ બજેટ મંજૂર કરવાની અને યોગ્ય સાઉન્ડ સિસ્ટમની પસંદગી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

૫૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલ વિવિધ ૮૦ મકાનો / ભવનોની બહારની દિવાલો તથા ગ્રીલને કલરકામ કરાવવા રૂા.૭૯,૪૮,૦૦૦/– નો અંદાજીત ખર્ચ થાય એમ છે જે મંજૂર કરવા તથા તે અંગેના ટેન્ડર મંગાવવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલ વિવિધ ૮૦ મકાનો/ભવનોની બહારની દિવાલો તથા ગ્રીલને કલરકામ કરાવવા રૂા.૭૯,૪૮,૦૦૦/–નો અંદાજીત ખર્ચ થાય એમ છે જે મંજૂર કરવા તથા તે અંગેના ટેન્ડર મંગાવવા અંગે મંજૂરી આપવામાં આવે છે.**

૫૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલ વિવિધ ગર્લ્સ હોસ્ટેલની ચારેબાજુ આવેલ કમ્પાઉન્ડ વોલની ઊંચાઈ વધારવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલ વિવિધ ગર્લ્સ હોસ્ટેલની ચારેબાજુ આવેલ કમ્પાઉન્ડ વોલની ઊંચાઈ વધારવા મંજૂરી આપવામાં આવે છે તથા સદર કામગીરી માટે શ્રી ભરતભાઈ પટેલને નિયુકત કરવા.**

**૫૫.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેના મધ્યસ્થ ગ્રંથાલયની સામેના ભાગને વાઈફાઈ ઝોન બનાવવા અને તેને માટે મધ્યસ્થ ગ્રંથાલયની સામેના પ્લીન્થવાળા ભાગ (ઓટલા)ને વિકસાવવા માટે થનાર રૂા.૪ લાખનો અંદાજીત ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેના મધ્યસ્થ ગ્રંથાલયની સામેના ભાગને વાઈફાઈ ઝોન બનાવવા અને તેને માટે મધ્યસ્થ ગ્રંથાલયની સામેના પ્લીન્થવાળા ભાગ (ઓટલા)ને વિકસાવવા મંજૂરી આપવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ બાબતે ૮ (આઠ) લાખ સુધીના ખર્ચ માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.**

**૫૬.** યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના તા.૦૨–૦૫–૨૦૧૪ના પત્રમાં જણાવ્યા પ્રમાણે એન્વાયરનમેન્ટલ સ્ટડીઝના અભ્યાસક્રમ અંગે નીમેલ સમિતિએ કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા.૦૬–૦૬–૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૭૦ તેમજ સિન્ડિકેટની તા.૨૫–૦૬–૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૬૮ અન્વયે યથાવત્ મંજૂર કરેલ હતી. જેનો પરિપત્ર દરેક કોલેજોને તા.૦૩–૦૭–૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક : એકે./ પરિપત્ર/૭૭૬૫/૧૪થી મોકલી આપેલ હતો પરંતુ સિન્ડિકેટના તા.૧૭/૦૯/૨૦૧૪ના પત્રમાં જણાવ્યા મુજબ પ્રસ્તુત બાબત સિન્ડિકેટની તા.૨૬/૦૮/૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧ અન્વયે તા.૨૫/૦૬/૨૦૧૪ ની સભાની કાર્યવાહીને બહાલી આપતી વખતે નીચે મુજબ સુધારો કરેલ છે.

**<u>સિન્ડિકેટની તા. ૨૫/૦૬/૨૦૧૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૬૮</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૦૬/૦૬/૨૦૧૪ની સભાની ઉપરોકત ભલામણ ક્રમાંક : ૭૦નો યથાવત્ સ્વીકાર કરવો.

**<u>ને બદલે</u>**

**<u>સિન્ડિકેટની તા. ૨૬/૦૮/૨૦૧૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૧</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને પુનઃવિચારણા માટે એકેડેમિક કાઉન્સિલને રીફર કરવી.

હવે બીજીવાર મોકલેલ ઠરાવમાં સુધારા વધારાનો અમલ કરવા જઈએ તો અગાઉ મોકલેલ પરિપત્ર રદ કરવો પડે અને વિદ્યાર્થીને ભણાવેલા અને તેના પરીક્ષા વગેરેના પ્રશ્નો ઉભા થતા હોય તે અંગે વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે સિન્ડિકેટની તા.૨૫/૦૬/૨૦૧૪ની સભાનો ઠરાવ ક્રમાંક : ૬૮ને યથાવત રાખવો.**

૫૭. તા.૧૨/ ૨/ ૨૦૦૨ના રોજ દાવર ચેરીટેબલ ટ્રસ્ટ સાથે સાઉથ ગુજરાત યુનિવર્સિટીનું MoU કરવામાં આવેલ છે. સદર MoUનાં મુદ્દા નં. ૪ મુજબ જે. પી. દાવર ભવનમાં ચાલતાં અભ્યાસક્રમો માટે Management Committee બનાવવા અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

(એમ.એસસી(આઈ.ટી.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જે. પી. દાવર ભવનમાં ચાલતાં અભ્યાસક્રમો માટે MoU મુજબ Management Committee બનાવવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

૫૮. શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ના ૪૨મા યુવક મહોત્સવ અને ખેલકૂદ રમતોત્સવ યુનિવર્સિટી પરિસર ઉપર યોજાનાર છે. પ્રસ્તુત મહોત્સવના આયોજન માટે જરૂરી સંભવીત બજેટ આ સાથે સામેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

(૧) યુવક મહોત્સવ અંદાજીત બજેટ <u>રૂા.૧૭,૨૫,૦૦૦/-</u> (અંકે રૂપિયા સત્તર લાખ પંચીસ હજાર પૂરા)

(૨) ખેલકૂદ રમતોત્સવ અંદાજીત બજેટ <u>રૂા.૧૫,૫૫,૫૦૦/-</u> (અંકે રૂપિયા પંદર લાખ પંચાવન હજાર પાંચ સો પૂરા)

ઉપરોકત બજેટસ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(યુ. ક. અને શા. શિ. )

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ના ૪૨માં યુવક મહોત્સવ અને ખેલકૂદ રમતોત્સવના આયોજન માટે જરૂરી સંભવીત બજેટ પરિશિષ્ટ : " ઘ "માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવું તથા ખેલકૂદ રમતોત્સવનું આયોજન ભરૂચ ખાતે કરવું તથા યુવક મહોત્સવનું આયોજન યુનિવર્સિટી ખાતે કરવું. ટેન્ડરમાં આવનાર ખર્ચની રકમ અને ટેન્ડર મંજૂર કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

**(પરિશિષ્ટ : " ઘ ")**

૫૯. Internal Quality Assurance Cell (IQAC)ની તા.૧૪/૧૦/૨૦૧૪ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંક : ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૫, ૧૬, અને ૧૭ પર નોંધ લેવા બાબત તથા ઠરાવ ક્રમાંક નંબર : ૮, ૧૨, ૧૩, અને ૧૪ પર વિચારણા કરવા બાબત....

(આઈ. કયુ. એ. સી./ યુ. જી. સી.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, Internal Quality Assurance Cell (IQAC)ની તા.૧૪/૧૦/૨૦૧૪ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંક : ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૫, ૧૬, અને ૧૭ પર નોંધ લેવી તથા ઠરાવ ક્રમાંક નંબર : ૮ને નામંજૂર કરવી તથા ઠરાવ ક્રમાંક : ૧૨, ૧૩,અને ૧૪ને પરિશિષ્ટ : " ચ "માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવા.**

**વધુમાં એકટ, સ્ટેટયુટ તથા ઓર્ડીનન્સ અંગ્રેજી સાથે ગુજરાતીમાં પણ છાપકામ કરવા.**

**(પરિશિષ્ટ : " ચ ")**

૬૦. તા.૧૪–૧૧–૨૦૧૪ની નાણાં સમિતિની સભાની બાબત ક્રમાંક : ૨, ૩, ૬ થી ૧૩ અંગે નાણાં સમિતિએ કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૧૪–૧૧–૨૦૧૪ની નાણાં સમિતિની સભાની બાબત ક્રમાંક : ૨, ૩, ૬ થી ૧૩ અંગે નાણાં સમિતિએ કરેલ ભલામણ પરિશિષ્ટ : " છ "માં દર્શાવ્યા મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " છ ")**

૬૧. યુનિવર્સિટી બોયઝ હોસ્ટેલ એડવાઈઝરી કમિટીની એક સભા તા.૧૨/ ૦૮/૨૦૧૪ રોજ મળી હતી. જેમાં બાબત : ૦૪માં બીજા સત્રથી રૂા.૧૦/– લેટ ફી લેવી એવું નકકી કરવામાં આવેલ છે.જે જાણ સારું..

(બોઈઝ હોસ્ટેલ)

:: **યુનિવર્સિટી બોયઝ હોસ્ટેલ એડવાઈઝરી કમિટીની સભા તા.૧૨/ ૦૮/૨૦૧૪ રોજ મળી હતી. જેમાં બાબત : ૦૪માં બીજા સત્રથી રૂા.૧૦/– લેટ ફી લેવી એવું નકકી કરવામાં આવેલ છે તેને મંજૂરી આપવી.**

૬૨. **KCG,** અમદાવાદના તારીખઃ ૦૯–૦૯–૨૦૧૪ના ઈ–મેઈલ અંતર્ગત RUSA Project Approval Board, New Delhi દ્વારા Component 3 'Infrastructure Grants to Universities' હેઠળ ૧૨માં પ્લાન સંદર્ભે ગ્રાન્ટ યુટિલાઈઝેશન કમિટિની તારીખઃ ૧૦/ ૧૦/ ૨૦૧૪ના રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ લેવા બાબત.

(યુ. જી. સી./બાંધકામ)

:: **KCG, અમદાવાદના તારીખઃ ૦૯–૦૯–૨૦૧૪ના ઈ–મેઈલ અંતર્ગત RUSA Project Approval Board, New Delhi** દ્વારા **Component 3 'Infrastructure Grants to Universities' હેઠળ ૧૨માં પ્લાન સંદર્ભે ગ્રાન્ટ યુટિલાઈઝેશન કમિટિની તારીખઃ ૧૦/ ૧૦/ ૨૦૧૪ના રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ લેવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકાર તરફથી રીપેર, રીનોવેશન, સુધારા વધારા, નવીનીકરણ માટે મળનાર અંદાજે રૂા.૧૦ કરોડની ગ્રાંટ માટે અંદાજો, નકશા વિગેરે તૈયાર કરવા માટે શ્રી ભરતભાઈ પટેલ (સુરત)ની નિમણુંક કરવી અને આ આર્કિટેકટ/કન્સલટન્ટની ફીની ચુકવણી સી. ડી. એફ. માંથી કરવી. આ કામગીરી તાકીદની અને ટૂંકી સમય મર્યાદામાં પૂર્ણ કરવાની હોય વિગતવાર અંદાજ તૈયાર થયા પછી સીધા જ ટેન્ડરો/ ભાવ પત્રકો બહાર પાડી આગળની કાર્યવાહી હાથ ધરવી.**

૬૩. યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં ચાલતા અભ્યાસક્રમની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી / નવું, વધારાનું, ચાલુ, કાયમી જોડાણ મંજૂર કરવા અંગેના સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૫–૯–૨૦૧૪ના પત્રાંકઃ યજન–૧૦૨૦૦૧–(૨૮)– પાર્ટ–૧/ખ–૧ થી રાજયની યુનિવર્સિટીઓને મોકલેલ છે. જેની જાણ સારું.

(સિન્ડિકેટ)

:: **યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં ચાલતા અભ્યાસક્રમની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી/નવું, વધારાનું, ચાલુ, કાયમી જોડાણ મંજૂર કરવા અંગેના સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૫–૯–૨૦૧૪ના પત્રાંકઃ યજન–૧૦૨૦૦૧–(૨૮)– પાર્ટ–૧/ખ–૧થી રાજયની યુનિવર્સિટીઓને મોકલેલ છે જે સ્વીકારી તદ્અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ની નવી જોડાણ અરજીમાં કાર્યવાહી કરવી. શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી નવી કોલેજીસમાં જનાર એલ. આઈ. સી.ને રાજય સરકારશ્રીના જમીનના ધારાધોરણોના પાલનની ચકાસણી ખાતરી કરવા જણાવવું અને તદ્અનુસાર જ જોડાણની કાર્યવાહી કરવી.**

## માનનીય કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત.

૬૪. યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ માટે ઓકટોમ્બર/નવેમ્બર–૨૦૧૪ અને માર્ચ/એપ્રિલ–૨૦૧૫માં લેવાનારી યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ માટે ઉત્તરવહીઓનું છાપકામ કરવા અંગે પ્રસિધ્ધ કરેલ ટેન્ડર અંગે હાલ નામદાર હાઈકોર્ટમાં **SCA 12403/2014** કેસ ચાલતો હોવાથી નામદાર હાઈકોર્ટના હુકમ અનુસાર હાલ **Price Bid** ખોલવામાં આવેલ નથી. વધુમાં, આગામી ઓકટોમ્બર ૨૦૧૪માં યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓનું આયોજન કરવામાં આવેલ હોય આ સંજોગોમાં બિન્દીયા એન્ટરપ્રાઈઝનો તા.૧૫/૯/૨૦૧૪ના પત્રથી કરેલ વિનંતી તેમજ ગત વર્ષના ટેન્ડરની શરત નં.૧૨.૫ " The successful tenderer has to enter in to contract with the University. The period of the contract will usually be 12 months extendable up to another 12 months on approval of University authority." ધ્યાને લઈ ઉત્તરવહીના છાપકામ કરવા અંગે કાર્યાલયના ક્રમાંક જન/૧૧૫૮૫/૨૦૧૪, તા.૨૪/૯/૨૦૧૪ના ઓર્ડરથી ઓકટોમ્બર/નવેમ્બર–૨૦૧૪માં લેવાનારી પરીક્ષાઓની ઉત્તરવહીઓનું છાપકામનો ઓર્ડર આપવામાં આવેલ છે. જે મા.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: **માનનીય કુલપતિશ્રીના સદર પગલાંની નોંધ લીધી.**

૬૫. યુનિવર્સિટી કેમ્પસખાતેના યુટિલીટી બિલ્ડીંગ (સુવિધાકેન્દ્ર)માં યુનિયન બેંકને ભાડેથી લીઝ પર જગ્યા ફાળવવામાં આવેલ છે. જેની લીઝ રીન્યુ કરવા અંગે બેંકના ડેપ્યુટી જનરલ મેનેજરની મા.કુલપતિશ્રી સાથે થયેલ રૂબરૂ ચર્ચા મુજબના મા.કુલપતિશ્રીએ લીધેલ પગલાંની જાણ બાબત.

(બાંધકામ)

:: **માનનીય કુલપતિશ્રીના સદર પગલાંની નોંધ લીધી.**

૬૬. યુનિવર્સિટી કેમ્પસખાતેના યુટિલીટી બિલ્ડીંગ (સુવિધાકેન્દ્ર)માં આવેલ યુનિયન બેંકને યુનિવર્સિટી કેમ્પસખાતે ATM મશીન મુખ્ય વહીવટી મકાનના પાર્કીંગખાતેના કેશકાઉન્ટરની નજીકમાં મુકવા દેવા અંગે પરવાનગી આપવા અંગે બેંકના ડેપ્યુટી જનરલ મેનેજરની મા.કુલપતિશ્રી સાથે થયેલ રૂબરૂ ચર્ચા મુજબ મા.કુલપતિશ્રીએ લીધેલ પગલાંની જાણ થવા બાબત.

(બાંધકામ)

:: **માનનીય કુલપતિશ્રીના સદર પગલાંની નોંધ લીધી.**

૬૭. શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૨૦૧૫ માટે નવું જોડાણ મેળવવા માંગતી નીચે જણાવેલ કોલેજોને ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ૫, સરદાર ભવન, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગરના સેકશન અધિકારીશ્રીના નીચે જણાવેલ પત્ર ક્રમાંકઃ અને તારીખથી સદર અભ્યાસક્રમોને સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી આપવામાં આવેલ છે, જેની જાણ થવા સારું.

| ક્રમ | ટ્રસ્ટનું નામ | કોલેજનું નામ અને સરનામું | અભ્યાસક્રમ | સરકારશ્રીના પત્ર ક્રમાંક અને તારીખ |
|---|---|---|---|---|
| ૧. | કાંઠા વિભાગ નવનિર્માણ મંડળ, ડી. સી. પટેલ નવનિર્માણ એજયુકેશનલ કેમ્પસ, ન્યુ સીટીલાઈટ રોડ, ભરથાણા, (વેસુ), સુરત. | જમનાબેન નરોત્તમભાઈ મોતીરામ પટેલ સાયન્સ કોલેજ, ડી.સી.પટેલ નવનિર્માણ એજયુકેશનલ કેમ્પસ, ન્યુ સીટીલાઈટ રોડ, ભરથાણા (વેસુ), સુરત. | બી.એસસી. (કેમેસ્ટ્રી અને મેથ્સ) (સ્વનિર્ભર) | ક્રમાંકઃ દગજ–૨૦૧૪–૨૫૬–ખ.૧ તા.૧–૧૦–૨૦૧૪ |
| ૨. | ડો. સૌરભ જે દેસાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, નેશનલ હાઈવે–૮, પેરીમ પાર્ક પછી, આમડપુર, જિઃ નવસારી. | ડોલીબેન દેસાઈ ઈન્સ્ટિટયુટ ઓફ કોમ્પ્યુટર એન્ડ અલાઈડ સાયન્સ, પલસાણા–બલેશ્વર રોડ, ડી. બી. હાઈસ્કુલની સામે, પલસાણા – ૩૯૪૩૧૫. જિઃ સુરત. | બી.એસસી. (કેમેસ્ટ્રી) (સ્વનિર્ભર) | ક્રમાંકઃ દગજ–૨૦૧૪–૨૬૬–ખ.૧ તા.૧–૧૦–૨૦૧૪ |
| ૩. | ડો. સૌરભ જે દેસાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, નેશનલ હાઈવે–૮, પેરીમ પાર્ક પછી, આમડપુર, જિઃ નવસારી. | ડોલીબેન દેસાઈ ઈન્સ્ટિટયુટ ઓફ કોમ્પ્યુટર એન્ડ અલાઈડ સાયન્સ, પલસાણા–બલેશ્વર રોડ, ડી. બી. હાઈસ્કુલની સામે, પલસાણા – ૩૯૪૩૧૫. જિઃ સુરત. | બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) (સ્વનિર્ભર) | ક્રમાંકઃ દગજ–૨૦૧૪–૨૬૫–ખ.૧ તા.૧–૧૦–૨૦૧૪ |
| ૪. | વિમલ ઉચ્ચતર કેળવણી મંડળ, ચીખલી, નવસારી. | કોલેજ ઓફ એપ્લાઈડ સાયનસ એન્ડ પ્રોફેશનલ સ્ટડીઝ, કોલેજ કેમ્પસ, ચીખલી. | બી.એસસી. (કેમેસ્ટ્રી) (સ્વનિર્ભર) | ક્રમાંકઃ દગજ–૨૦૧૪–૨૬૩–ખ.૧ તા.૧–૧૦–૨૦૧૪ |
| ૫. | સત્સંગ શિક્ષા પરિષદ, શ્રી સ્વામી નારાયણ ગુરૂકુલ, સેકટર–૨૨, જ–૫, ગાંધીનગર. | શ્રી સ્વામી નારાયણ કોલેજ ઓફ સાયન્સ, શ્રી સ્વામી નારાયણ ગુરૂકુલ, કેવડીયા કોલોની, તા.નાંદોદ, જિઃ નર્મદા. | બી.એસસી. (કેમેસ્ટ્રી અને બોટની) (સ્વનિર્ભર) | ક્રમાંકઃ દગજ–૨૦૧૪–૨૬૨–ખ.૧ તા.૧–૧૦–૨૦૧૪ |
| ૬. | એસ.એસ. અગ્રવાલ એજયુકેશન ફાઉન્ડેશન, અગ્રવાલ સમાજ હોલ, રેલ્વે સ્ટેશન નજીક, જિ.: નવસારી. | એસ.એસ.અગ્રવાલ કોલેજ ઓફ આર્ટસ, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારી. | બી.એસસી. (કેમેસ્ટ્રી) (સ્વનિર્ભર) | ક્રમાંકઃ દગજ–૨૦૧૪–૨૫૯–ખ.૧ તા.૧–૧૦–૨૦૧૪ |

(સિન્ડિકેટ)

:: **શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૨૦૧૫ માટે નવું જોડાણ મેળવવા માંગતી ઉપરોકત જણાવેલ કોલેજોને ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ૫, સરદાર ભવન, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગરના સેકશન અધિકારીશ્રીના ઉપરોકત જણાવેલ પત્ર ક્રમાંકઃ અને તારીખથી સદર અભ્યાસક્રમોને સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી આપવામાં આવેલ છે, જેની નોંધ લેવી.**

૬૮. ગુજરાત સરકારના સામાન્ય વહીવટી વિભાગ, જાહેરનામુ, સચિવાલય, ગાંધીનગર ૭ મી ઓકટોબર, ૨૦૧૪ના ક્રમાંક : ગસ-૨૦૧૪-૩૫-જસર-૧૦૨૦૧૪-૧૩૩૯-ઘ,ના પત્રના ભાગ-૧ માં સને-૨૦૧૫ના વર્ષ દરમ્યાન જાહેર રજા તરીકે **(Public Holidays)** તેમજ ભાગ-૨માં સને-૨૦૧૫ના વર્ષ દરમ્યાન સરકારી કર્મચારીઓ માટે માન્ય કરેલી મરજીયાત રજાઓ **(Optional Holidays for Government Employees)** જાહેર કરી છે. પ્રસ્તુત જાહેર રજાઓ **(Public Holidays)** અને મરજીયાત રજાઓ **(Optional Holidays for Government Employees)** યુનિવર્સિટી તેમજ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના કર્મચારીઓને લાગુ પાડવા માટે અંગેના મા.કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત...

(વહીવટી)

**:: માનનીય કુલપતિશ્રીના સદર પગલાંની નોંધ લીધી.**

૬૯. નાયબ સચિવ (પેન્શન અને તિજોરીઓ), નાણા વિભાગ, ગાંધીનગરના ‘નવી વર્ધિત પેન્શન યોજના (NPS) તા.૧-૪-૨૦૦૫થી ફરજ બજાવતા કર્મચારી / અધિકારીને નિવૃત્તિ/ અવસાન સમયે જમા રજાનું રોકડમાં રૂપાંતર નિયમાનુસાર મળવા બાબતના ઠરાવ ક્રમાંક : નપન-૧૦૨૦૧૧-ડીર૪૫-(૧૦૯૬/ ૨૦૧૪)થી, તા.૨૦/૧/ ૨૦૧૪નો અમલ કરવા અંગે મા.કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત...

(વહીવટી)

**:: માનનીય કુલપતિશ્રીના સદર પગલાંની નોંધ લીધી.**

૭૦. ગુજરાત સરકારના સામાન્ય વહીવટી વિભાગના તા.૧૩ નવેમ્બર, ૨૦૧૪ના ક્રમાંકઃ PSN-102014-M1(334385)-P થી મહિલાઓને મળવાપાત્ર પ્રસુતિની રજાઓ અંગેના જાહેરનામાનો અમલ કરવા અંગેના મા.કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત...

(વહીવટી)

**:: માનનીય કુલપતિશ્રીના સદર પગલાંની નોંધ લીધી.**

૭૧. ગુજરાત સરકારના સામાન્ય વહીવટી વિભાગના તા.૧૧ નવેમ્બર, ૨૦૧૪ના ક્રમાંક : સીઆરઆર/ ૧૦૯૬/ ૨૨૧૩/ગ.૨(ભાગ-૧) થી રાજય સરકારની નોકરીમાં મહિલાઓ માટે અનામત રાખવાની નીતી અંગેના ઠરાવનો અમલ કરવા અંગેના મા.કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત...

(વહીવટી)

**:: માનનીય કુલપતિશ્રીના સદર પગલાંની નોંધ લીધી.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.** **કુલસચિવ**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ–૧ (૧)/ ૧૪૯૯૬/૨૦૧૪.
તા.૨૯ –૧૨–૨૦૧૪.
પ્રતિ,
**સિન્ડિકેટના સર્વ સભ્યશ્રીઓ......**